Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Humanity
ISSN: 2279-0233
Continuous issue-23 | April – May 2016

# દલિત સાહિત્યલેખન: થોડીક ચર્ચા

સાહિત્ય સમાજનું દર્પણ છે. આ વાક્ય આપણે નાનપણથી સંભાળતા આવ્યા છીએ. પણ દર્પણ શું છે, અને કોઈ પણ વસ્તુની ઉન્નતીમાં તેનું શું યોગદાન રહે છે? કદાચ એટલુજ કે તે સત્યને પ્રદર્શિત કરે છે અને જો માણસ તે સત્યને સમજીને પોતાને સુધારી શકે તો તેનું શ્રેય એ દર્પણને પણ મળે છે. પણ સાહિત્યનું યોગદાન સમાજમાં તે દર્પણ કરતા કંઈક વિશેષ હોય છે. તે માત્ર સત્યને પ્રદર્શિત જ નથી કરતું પણ સમાજ ને પોતાનામાં રહેલી ભૂલોને સુધારવાની પ્રેરણા પણ આપે છે. કદાચ તે માટે જ સાહિત્યના વિવિધ સ્વરૂપો જેમ કે વાર્તા, નવલકથા, કવિતા વગેરેમાંથી લેખક તેને ગમતા સ્વરૂપમાં તેના વિચારો પ્રગટ કરી સમાજ સુધારણામાં તેનો ભાગ ભજવે છે.

અહી, મારે વાત કરવી છે સાહિત્યના એક વિષયની જે દલિતો પર લખાય છે અને તે ‘દલિત સાહિત્ય’ તરીકે ઓળખાય છે. કેટલાક સમયથી દલિત સામગ્રીનું અવલોકન કરતા દલિત સાહિત્ય એ દલિત સાહિત્ય ન રહેતા જ્ઞાતિગત સાહિત્ય બની ગયુ હોય તેમ લાગે છે. દલિત સાહિત્યના લેખકોના સર્જનમાં અસ્પૃશ્ય સમાજના લોકો જ હોય છે. જો કે જયારે ‘દલિત’ શબ્દના અર્થ જોતા લાગે છે કે દલિત કોઈ સમાજ વિશેષમાં જન્મ લીધેલ વ્યક્તિ નથી પણ સમાજ દ્વારા શોષિત એવી વ્યક્તિ છે જે વિભિન્ન કારણોસર શોષણનો ભોગ બને છે.

પ્રારંભિક સમયના દલિત લેખકોના લેખોનો હેતુ શોષણનો ભોગ બની રહેલા લોકોમાં નવચેતનાનો સંચાર કરવાનો અને તેમને પોતાના હકોથી અવગત કરાવવાનો હતો અને તે જ વિભાવનાએ એક આખા સમુદાયનું નિર્માણ કર્યું, તે લેખનના સામે હવે પ્રશ્ન તેના મૂલ્યાંકનનાં ઉભા થયા છે.

સમાજ પરિવર્તનશીલ હોય છે અને તે પરિવર્તન સાહિત્યનો ભાગ બને તે પણ અતિ આવશ્યક છે. કાર્લ માર્ક્સ, મહાત્મા ગાંધી, બાબા સાહેબ આંબેડકર અને બીજા ઘણા બધાં વિચારકો થયા છે જે શોષિત સમાજનો ઉદ્ધાર થાય તેવું ઇચ્છતા હતા. માર્ક્સ અને બીજા પશ્ચિમી વિચારકોએ તેમના વિચારોને સમાજની સામે મુક્યા, જે વિવિધ લોકો દ્વારા ગ્રહણ થયા અને તે લોકોએ તે વિચારોને સમાજ પર લાગુ કર્યા. ભારતમાં મહાત્મા ગાંધી અને બાબાસાહેબ આંબેડકર બંને શોષિતોના સુધારક રૂપે જાણીતા છે પરંતુ આંબેડકર પોતાના દલિત સમાજના અનુભવોના કારણે ગાંધી કરતા આગળ નીકળી ગયા. તેમને મહાત્મા ગાંધી કરતા એવી પરિસ્થિતિ વધારે ભોગવવી પડી હતી જ્યાં તેમને કડવા અનુભવો ભોગવ્યા. ગાંધીને તેવા અનુભવો માત્ર ભારતથી બહાર રહીને જ થયા. પણ આંબેડકરને પોતાના દેશમાં જ આવા કડવા અનુભવોમાંથી પસાર થવું પડ્યું, જેમકે ‘દલિત’ (નીચલી જ્ઞાતિના) હોવાના કારણે તેમને વડોદરા જેવા શહેરમાં પણ ભાડે ઘર મળ્યું ન હતું. માનવ જીવનમાં

કડવાહટ ભરેલા અનુભવો, તેના સામે થયેલો તેમનો સંઘર્ષ, અને અપમાનજનક લાગતી પરિસ્થિતિઓએ દલિત સાહિત્યનાં ઉદયમાં ભાગ ભજવ્યો હશે. તેમના સાથે મહાત્મા જ્યોતિબા ફુલેએ પણ તેમના સામાજિક આંદોલનો દ્વારા સમાજના શોષિતો માટે કરેલું અગત્યનું કાર્ય અને તેમના દ્વારા લખેલું સાહિત્ય દલિત સાહિત્યના ઉદભવ માટે જવાબદાર ગણાય છે.ગુજરાતી સાહિત્યના પ્રારંભનો (મધ્યકાળ થી અનુંગાંધી યુગ) તેમાં દલિત સાહિત્ય માત્ર સહાનુભૂતિનું સાહિત્ય બનીને રહી ગયુ હતું. તેના માટે યશવંત વાઘેલાએ કહેલું કે "આ સાહિત્ય અનુભૂતિનું સાહિત્ય છે. અનુભૂતિ જાતિવાદના કેન્સરને આલેખે છે, પરંતુ ઉપાયો કરી શકતી નથી, દર્શાવી શકતી નથી."[૧] પરંતુ ત્યાર પછીના સાહિત્યમાં અનુભવોની સાથે તે પરિસ્થિતિમાંથી નીકળી આગળ વધવાનું સાહિત્ય પણ જોવા મળ્યું, જો કે તેનું પ્રમાણ ઓછુ જ રહ્યું. સંખ્યામાં ઓછા પણ તે સાહિત્યકારોએ માનવ અધિકારો વિશે અને સમાજમાં ભેદભાવોના અંતની ઈચ્છા પણ દર્શાવી.આ સાહિત્યમાં પણ કવિતા વિશેષ પણે સમાજમાં થતા શોષણમાંથી ઉપર ઉઠવાની પ્રેરણા આપતી જોવા મળે છે. પણ નવલકથા અને વાર્તાઓ મુખ્યતઃ દયનીય અવસ્થાને જ દર્શાવતી હોય છે. હવે તો દલિત સાહિત્યએ તે દાયકો પણ લગભગ પૂર્ણ કરી લીધો છે અને એકવીસમી શતાબ્દીના આરંભ સાથે એક એવા દલિત સાહિત્યની જરૂર છે જે ઉચ્ચ શિક્ષા તરફ બળ આપતી હોય. કેમ કે માત્ર ઉચ્ચ શિક્ષા જ એક એવું હથિયાર છે જે સમાજમાંથી જાતિ, ધર્મ, ક્ષેત્ર, લિંગ, આદિ ભેદભાવો ને મિટાવી શકે છે. આજના સાહિત્યકારોએ લખવાની સાથે સાથે જ્યોતિબા ફૂલે, અને બાબાસાહેબની જેમ સમાજસુધારની રાહ પકડવાની જરૂર છે પણ સાંપ્રત સમય સુધી આવું થઈ શક્યું નથી. કદાચ તે માટે જ યશવંત વાઘેલાએ લખ્યું[1] છે કે આ ત્રીજા દાયકાનું સાહિત્ય સામાજિક ચળવળ કે આંદોલન ઉભું કરી શક્યું નથી.

એ સાહિત્ય નોંધનીય છે જે કરુણમાં કરુણ અવસ્થામાંથી પસાર થતા કોઈ વ્યક્તિના જીવનને કાગળ પર ઉતારવામાં સમર્થ હોય છે. પણ કદાચ હકારાત્મક ભાવોથી ભરેલુ સાહિત્ય પણ દલિત ચેતના માટે અસરકારક સિદ્ધ થઈ શકે છે એમ મારું માનવું છે.

દલિત સાહિત્યની બીજી બાજુ એ છે કે મોટા ભાગનું દલિત સાહિત્ય જ્ઞાતિગત સાહિત્ય બનીને રહી ગયુ છે. તે પાત્ર તરીકે પણ દલિત અથવા શોષિત કોઈ એક વિશેષ વર્ગના લોકો હોય તે જરૂરી નથી. ઉદાહરણ માટે કોઈ એક સરકારી કચેરીમાં ઉચ્ચ અધિકારી નિમ્ન વર્ગના હોય અને તેજ કચેરીમાં પટાવાળા તરીકે એક ઉચ્ચ જ્ઞાતિનો વ્યક્તિ કામ કરતો હોય. જો તેનો ઉચ્ચ અધિકારી તેના પટાવાળાને ખોટી રીતે પોતાના પદનો દુરુપયોગ કરીને શોષણ કરતો હોય તો અહીયા તે પટાવાળો દલિતની વિભાવનામાં આવી જાય છે. અને તે ઉચ્ચ અધિકારી શોષક વર્ગમાં સમાવિષ્ટ થઈ જાય છે. આ ઉદાહરણમાં 'નિમ્ન' અને 'ઉચ્ચ' જ્ઞાતિ શબ્દો નો ઉલ્લેખ કરવાનો અર્થ એ નથી કે હું ખરેખર તે વિભાગીકરણનો પક્ષધર છું પણ અહિયા ઉદાહરણ માટે તે સંજ્ઞાઓનો ઉપયોગ આવશ્યક લાગ્યો છે. આ માત્ર એક જ ઉદાહરણ છે પણ આવા કેટલાક ઉદાહરણો આપણે મેળવી શકીએ છીએ. મહાત્મા ગાંધી પણ રંગભેદના લીધે શોષણનો ભોગ બન્યા હતા.તેમજ મુનશી પ્રેમચંદની નવલકથાના પાત્રમાં નિર્મલા પણ એક નારી હોવાના લીધે  વિવિધ પરિસ્થિતિઓમાં શોષણનો ભોગ બની હોય

તેમ જણાય છે. આવા અસંખ્ય ઉદાહરણો સમાજમાં જોઈ શકાય છે.ભારત એક એવી પરિસ્થિતિમાં છે જ્યાંથી આપણા વિકાસ માટે આપણે સમાજની જ્ઞાતિભેદ વ્યવસ્થામાંથી બહાર આવવું અત્યંત આવશ્યક છે. અને આ પરિવર્તનમાં સાહિત્યે પણ એક મોટો ભાગ ભજવવો પડશે.

દલિત સાહિત્યની ત્રીજી બાજુ છે તેનો લેખક. આ લેખ લખતા પહેલા મેં મારા વિચારો વિશે મારા થોડા મિત્રો સાથે ચર્ચા કરી. કેમકે સાહિત્ય મારો મુખ્ય વિષય નથી માટે આ વાત આવશ્યક બની ગઈ હતી કે મારે થોડાક એવા લોકો સાથે ચર્ચા કરવી જોઈએ જે સાહિત્ય વિશે પુરતું જ્ઞાન રાખતા હોય. તેમનામાંથી એક વાત સામે આવી કે જે લોકોએ પોતે તેવી પરિસ્થિતિનો સામનો ના કર્યો હોય તે કેવી રીતે દલિત સાહિત્ય વિશે લખી શકે? પ્રશ્ન લેખકની સંવેદનશીલતાનો હતો કે કોઈ વ્યક્તિ બીજાના દુખને કેવી રીતે સમજી શકે છે. જ્યાં સુધી તે પોતે તેવા કષ્ટોમાંથી પસાર થયેલો ના હોય. કોઈ વ્યક્તિના પેટમાં દુખતું હોય તો તેની પીડા બીજો વ્યક્તિ કેવી રીતે સમજી શકે? સામાન્ય દૃષ્ટિએ જોઈએ તો એ વાત સાચી લાગે છે કે મારી સામે બેસેલા વ્યક્તિના પેટની પીડાના અનુભવને હું અનુભવી ના શકું.પણ સાહિત્યિક દૃષ્ટિએ અને મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ આ વાત તદ્દન ખોટી સાબિત થઈ શકે તેમ છે. કેમકે આપણે આ વાતો સાથે સહમત થઈ જઈએ તો સાહિત્યનો કોઈ અર્થ જ નથી રહેતો. કેમ કે સાહિત્ય તો એ છે જે લખેલા શબ્દો દ્વારા કોઈ નાયકનું દુખ અથવા ખુશીનો બીજા વ્યક્તિને અનુભવ કરાવી શકે અર્થાત સમસંવેદન જગાવી શકે. જો આમ ના હોય તો કેમ નવલકથા વાંચતો કોઈ વાંચક નવલકથાના નાયકની વ્યથાથી દુખી થઈ જાય છે.અથવા કેમ નવલકથામાં આવતી સારી બાબતોથી પ્રસન્ન થઈ જાય છે. તેમજ ટીવી પર કોઈ ફિલ્મને જોતા સમયે કેમ દર્શક સંવેદનશીલ સંવાદ જોઈને રડી પડે છે,હાસ્ય ભરેલા સંવાદ જોઈને હસવા માંડે છે. મહત્વપૂર્ણ બાબત અહિયા એ છે કે નવલકથા વાચકની અથવા ફિલ્મ દર્શકની પોતાની સંવેદનાઓનો તે સમયે કોઈ અર્થ નથી રહી જતો. અર્થ એ છે કે ફિલ્મ જોતા પહેલા દર્શક ભલે ગમે તેટલો ખુશ અથવા દુખી હોય પણ ફિલ્મ દરમિયાન તે નાયકના દુખ અને ખુશીને અનુભવી શકે છે. તે જ પ્રકારે દલિત લેખન માટે તે જરૂરી નથી કે લેખકે પોતે તે પ્રકારની પરિસ્થિતિમાંથી પસાર થયો હોય.તે લેખન માટે જરૂર હોય તો માત્ર લેખન-કળાની જેનાથી, તે તેના વાચકોને તેના લેખનનો અનુભવ કરાવી શકે. તેના માટે જ આવા લેખકોનો આ આગ્રહ કે માત્ર 'દલિત લેખકો જ દલિત લેખન કરી શકે તેમ છે', ઉચિત નથી લાગતું. એવા કેટલાક ઉદાહરણ પણ મળી શકે છે જેમાં ઉચ્ચ જ્ઞાતિના લેખકોએ પણ દલિત સાહિત્યમાં સારું લેખન કાર્ય કર્યું છે. ઉદા. રમેશ દવે, પ્રવીણ ગઢવી, જયંત ગાડીત. જો કે અહિયાં તો 'દલિત' શબ્દને એક જ્ઞાતિની રીતે ગણતા સંપૂર્ણ સંવાદ પર જ મારો પ્રશ્ન છે કેમ કે મારા મંતવ્યે તો દલિત શબ્દ કોઈ પ્રકારની જ્ઞાતિ સાથે સંકળાયેલો નથી. દલિતનો અર્થ છે દબાયેલા, કચડાયેલા, શોષિત થયેલા લોકો, જેનું સમાજમાં કોઈ મૂલ્ય નથી જેમને કોઈ સાંભળતું નથી. અને આ પ્રકારનાં લોકો સમાજના કોઈ પણ વર્ગનાં હોઈ શકવાની શક્યતાને નકારી ન શકાય.

ખરેખર તો લોકોને એવા શોષિત વર્ગના પ્રતિ સમ્માન દર્શાવવાની જરૂર છે. પ્રખ્યાત લેખક એચ જી.વેલ્સે જયારે તેમનું ત્રણ માળનું નવું મકાન બંધાવ્યુતો તે મકાન તેમના મિત્રોને બતાવતા હતા. ત્યારે ત્યાં

એક પત્રકાર તેમનું ઈન્ટરવ્યુ લેવા આવી પહોચ્યો તો વેલ્સે તેમને પણ સાથે લઇ લીધો. તે મકાનના ત્રીજા માળે પહોચ્યા અને પોતાનો બેડરૂમ બતાવ્યો. તે એક નાનો અને સાધારણ કક્ષ હતો. ત્યારે વેલ્સના મિત્રે પૂછ્યુ કે તમે તમારા મકાનના નીચલા માળના કક્ષ તમારા બેડરૂમ માટે કેમ ઉપયોગમાં નથી લેતા? તે આ કક્ષથી મોટો અને અતિ સુંદર છે. ત્યારે વેલ્સે જવાબ આપ્યો કે "તે રૂમો મારા નોકર અને રસોઈયા અને તેમના પરિવાર માટે છે જે મારા સાથે ૨૦ વર્ષથી રહે છે". મિત્રે ફરી કહ્યું કે સામાન્ય રૂપે તો લોકો મકાનના નાના કક્ષો પોતાના નોકરો માટે ઉપયોગમાં લે છે. તે સંભાળીને વેલ્સે કહ્યું કે "તે પ્રકારની વ્યવસ્થા મારા મકાન અને દિલમાં નથી કેમ કે હું ક્યારેય ન ભૂલી શકું કે એક સમયે મારી પોતાની 'મા' પણ લંડનના એક ઘરમાં નોકરાણીનું કામ કરતી હતી". આ કિસ્સો પછી તે પત્રકારે પોતાના પેપરમાં જાહેર કર્યો. અહિયા કહેવાનો અર્થ એ છે કે માનવે લોકોના શોષણની ગાથાઓ સાથે તે પ્રયાસ પણ કરવા જોઈએ કે તે વર્ગને સમાજના બીજા વર્ગો પ્રત્યે આદર ઉપજે અને તે વર્ગ સમાજમાં પોતાના સ્થાનને સુધારી શકે.[૨]

દલિત સાહિત્યની ચોથી બાજુ છે દલિત સમાજમાં જ ઉભો થતો સવર્ણ સમાજ. તેની સામે લડવાના માર્ગ કયાં?થોડા સમય પહેલા એક મિત્રના વિવાહમાં હાજરી આપવાનો મોકો મળ્યો. તે મિત્ર ગુજરાતના એક આદિવાસી વિસ્તારમાં રહેતો, આદિવાસી સમાજમાંથી આવેલો યુવક છે. તેમના પિતા એક સારી સરકારી નોકરી હાસલ કરી પોતાનું સ્તર તે સમુદાય કરતા ઉચ્ચ કક્ષાએ લઇ ગયા તેના પરિણામ સ્વરૂપે મારા મિત્ર પણ સારું અને ઉચ્ચ અભ્યાસ મેળવી ઉજ્જવળ ભવિષ્ય તરફ અગ્રસર છે. વાત છે તેમના વિવાહમાં આવેલા મહેમાનોની. તેમને ત્યાં આવેલા મહેમાનોમાંથી મોટા ભાગના લોકોને જોઈને લાગ્યુ કે આ લોકો આજે પણ જીવનના એ સ્તર સુધી નથી પહોંચી શક્યા જ્યાં મારા મિત્ર છે. આ વિશે જયારે મારા મિત્ર સાથે ચર્ચા થઈ તો તેનો જવાબ આશ્ચર્યજનક હતો. તેમના પ્રમાણે તે લોકોનું જીવન સ્તર ઉપર ઉઠવું શક્ય જ નથી કેમ કે તે લોકો તે વાતાવરણમાં રહેવા ટેવાયેલા છે.આર્થિક સુવિધાઓ મેળવવાની સાથે કેટલાક વ્યક્તિઓ પાછળ રહી ગયેલા લોકોને પણ આગળ લાવવાના પ્રયાસ કરવાની જગ્યાએ પોતાને તે વર્ગમાં ઢાળી લે છે, જેનો તેઓ વિરોધ કરતા આવ્યા હોય છે. કદાચ આ માનવ પ્રવૃત્તિ છે કે જ્યાં સુધી માનવ કોઈ પીડાથી પીડાય છે તે સમય સુધીજ તે એ જ પીડાથી પીડાતા બીજા લોકોની પીડાને પણ અનુભવતો હોય છે. પણ જે ક્ષણે તે પોતાની પીડાથી મુક્ત થઈ એક સારું સ્થાન પામે છે તેજ ક્ષણે તેના માટે તેનાજ સમુદાયના લોકો અસ્પૃશ્ય બની જાય છે. અને આ પરિસ્થિતિ તો મનુની નીતિઓ કરતાય વધારે ઘાતક સિદ્ધ થઇ શકે છે. તેવા લોકો સાથે સંબધનો પોતાના ભવિષ્યને વધારે ઉજ્જવળ બનાવવા માટે જ ઉપયોગ કરતા હોય છે. તેમના માટે તે સમુદાયની પરિસ્થિતિનો કોઈ અર્થ નથી રહેતો અને અર્થ હોય તો એટલો જ કે કેવી રીતે તે સમાજની સીડી બનાવી કેવી રીતે વધારે આગળ પહોચી શકાય.

આ મુદ્દા સાથેજ જોડાયેલો બીજો પ્રશ્ન છે આરક્ષણનો. સમાજમાં રહેલી જ્ઞાતિ વ્યવસ્થાની બુરાઈના લીધે નિમ્ન જ્ઞાતિ પર થયેલા અત્યાચારો અને પક્ષપાતના કારણે તે વર્ગ બીજા વર્ગો કરતા બહુ પાછળ રહી ગયો. આઝાદી પછી ડૉ. બાબા સાહેબ આંબેડકરે તે સમુદાયને સમાજના બીજા વર્ગોના સમકક્ષ લાવવા માટે આરક્ષણ

રૂપી સહારો આપ્યો. તેમનો વિચાર હતો કે આરક્ષણ રૂપી હથિયારનો ઉપયોગ કરી સમાજમાંથી વર્ગભેદને મિટાવી શકાશે તથા ભારતના બધા વર્ગોમાં સમાનતા આવી શકશે.તેમનો વિચાર સાચો પણ હતો કેમકે સમાન અધિકાર ધરાવતો સમાજ જ દેશના વિકાસમાં સારી રીતે ભાગ ભજવી શકે છે. પણ સમય જતા તેમના દ્વારા આપેલા હથિયારનું રાજનીતિકરણ થયું અને તેનો લાભ તે સમુદાયના અંશ માત્ર સુધીજ પહોચી શક્યો. આજે આરક્ષણ માનવીની માનસિકતામાં પણ જતું રહ્યું છે. સક્ષમ લોકો પણ પોતાની શક્તિને ઓળખવાના બદલે આરક્ષણ રૂપી લાઠી લઇને આગળ વધવા માંગે છે.તેમને લાગે છે કે જે દિવસે આરક્ષણ રૂપી લાઠી ખસી જશે તે જ ક્ષણે નીચે પડી જશે. હવે લાગે છે એક એવા સમાજની રચના થવા જઇ રહી છે જ્યાં લોકો પોતાને નિમ્ન વર્ગમાં હોવાના લીધે ભાગ્યશાળી સમજવા લાગ્યા છે. રાજસ્થાન અને હરિયાણામાં લોકો દ્વારા પોતાને નિમ્ન વર્ગમાં સામેલ થવા માટેનું આંદોલન તે સ્પષ્ટ સંકેત આપે છે. વિરોધ અહિયા આરક્ષણનો નથી પણ તેની સમય સીમા અને તે કયા આધારે મળે છે તેનો છે. આરક્ષણ એક એવી દવા રૂપે છે કે આ દવા તે વ્યક્તિને જ અપાઈ શકે છે જે શોષણના લીધે સમાજના બીજા વર્ગોના સમકક્ષ આવી શકવામાં અસમર્થ રહી હોવાના રોગથી પીડાઈ રહ્યો હોય અને આ રોગમાંથી છુટકારો મેળવવાની સાથે દવાનું સેવન પણ બંદ થઇ જવું જોઈએ. આરક્ષણ આપવાનો મુખ્ય આધાર કોઈપણ પરિવારની સામાજિક અને આર્થિક પરિસ્થિતિના મૂલ્યાંકન ઉપર થવું આવશ્યક છે.જ્ઞાતિગત આધારે આરક્ષણ સમાજને એક અસમાન રોષ ભરાયેલા સમાજ તરફ લઈ જશે. એક સાહિત્ય વિષય જોડે સંકળાયેલા મિત્ર જોડે આરક્ષણની ચર્ચા કરતા મેં કહ્યું કે “જે રીતે આરક્ષણ બધે છે તે જ રીતે તે સાહિત્યમાં પણ હોવું જોઈએ.”આ સાંભળીને મિત્ર હસવા લાગ્યા અને તેમને કહ્યું કે “સાહિત્યમાં આરક્ષણ ના ચાલે કેમ કે જેમાં લખવાની આવડત જ નથી તે આરક્ષણના આધારે કેવી રીતે લેખક બની શકશે લખી પણ દે તો તેને વાંચશે કોણ?” મેંકહ્યું કે “બસ હું એજ કહેવા માંગતો હતો. સાહિત્ય એક કળા છે અને કોઈ પણ કળા આરક્ષણના આધારે આગળ ન વધી શકે. અને જો સમાજ તેવું કરવાનો પ્રયાસ પણ કરશે તો તે કળાનો નાશ નિશ્ચિત છે”. આરક્ષણ દ્વારા કોઈ વ્યક્તિને વિશ્વવિદ્યાલયમાં સારું શિક્ષણ મફ્તમાં આપવું અથવા તેના આધારે પ્રવેશ આપવો સંગત છે પણ તે વિશ્વવિદ્યાલયમાં અભ્યાસ પૂર્ણ કર્યા પછી પરીક્ષામાં આરક્ષણના આધારે ઓછા માર્કે ઉત્તીર્ણ કરવું તે અસંગત લાગે છે. કેમ કે આ પ્રકારની પરંપરા સમાજને કૌશલ્યહીન વ્યક્તિઓથી ભરી દેશે જે સમાજના દરેક વર્ગને જ નહિ પણ દેશને પણ પછાત કરી નાખશે. દલિત સાહિત્યનું એ દાયિત્વ છે કે તે એક સારા સમાજના નિર્માણનો પાયો નાખે.

દલિતની વિભાવના સાહિત્ય સાથે સંકળાવવાનો હેતુ શોષિત વર્ગની પરિસ્થિતિમાં સુધાર લાવવાનો છે. શોષણ તે સમાજની એક બુરાઈ છે.જેમાં હવે નોંધ પાત્ર ઘટાડો થયો છે આ બાબત સાથે સૌ સહમત હશે. મારું મંતવ્ય એ નથી કે આજે ભારતમાં શોષણ નથી અથવા દલિત લેખન ખોટી દિશામાં જઇ રહ્યું છે. પણ આજે લોકોમાં ઇતિહાસમાં થયેલા શોષણના લીધે રોષ વધારે છે. કેમ કે ચર્ચા ગમે તેના સાથે કરો તેમનો મુખ્ય મુદ્દો ઇતિહાસમાં થયેલા શોષણ જ હોય છે.પણ મારું મંતવ્ય એ છે કે આજે રહેલા મોટા ભાગના શોષણ વ્યક્તિની આર્થિક નબળાઈઓના લીધે હોય છે અથવા તેમાં તે સમાજના આગળ આવી ગયેલ લોકોની નિષ્ક્રિયતા વધારે જવાબદાર હોય છે.દલિત રેખાચિત્રો પર લખાયેલી મુખ્ય રચનાઓમાં પણ શોષણનું મુખ્ય કારણ વ્યક્તિની

આર્થિક પરિસ્થિતિ જ હોય છે ભલે તે પ્રેમચંદની 'ગોદાન'હોય કે પછી નિરવ પટેલની કવિતા 'બહિષ્કૃત ફૂલો' હોય.સાહિત્ય સમાજ સર્જન કરવામાં સમર્થ હોવું જોઈએ. સાહિત્ય વાંચનારના મનમાં હકારાત્મક ઉર્જા ભરવામાં સક્ષમ હોવું જોઈએ. હિન્દી સાહિત્યના મોટા દલિત લેખક ઓમપ્રકાશ વાલ્મીકીએ[1] (પૃ. ૧૨૧) પણ લખ્યું છે કે જે સાહિત્યિક કૃતિ વાંચકના મનમાં આસ્વાદની ચેતના જગાડી શકશે તે જ સાહિત્યિક કૃતિ શ્રેષ્ઠ છે.આંબેડકરે પોતે સાહિત્યકારોને સંબોધિત કરતા કહ્યું હતું કે "સાહિત્યમાં જીવન મૂલ્યો અને સાંસ્કૃતિક મૂલ્યોને સ્થાન આપવું જોઈએ. સાહીત્યકારનો ઉદ્દેશ્ય સંકુચિત નહિ પણ વિસ્તૃત અને વ્યાપક હોવો જોઈએ."[3] મોટા ભાગના સાહિત્યકારોનો મત હોય છે કે દલિત સાહિત્ય એ લેખકના અનુભવોમાંથી જન્મ લે છે પરંતુ ૨૧મી સદીના બીજા દશકમાં હું એ નિવેદન સ્વીકારવામાં પણ પોતાને અસમર્થ માનું છે જેમાં એ કહેવામાં આવે છે કે દલિત સાહિત્ય એ લેખકના અનુભવમાંથી જન્મ્યું હોય છે. કેમ કે મેં એવા લોકો પણ જોયા છે જેમના લેખનમાં આવતી નિસબત તેમના આચરણમાં જોવા મળતી નથી. ઉદાહરણ આપું તો મારી ઓળખાણના જ એક ભાઈ જે પોતાને સાહિત્યકાર કહે છે, તે તેમના લેખોમાં નારી સાહિત્ય વિષે લેખ લખતી વેળાએ નારી પ્રત્યેન માન, સમ્માનની વાતો કરે અને જયારે તેમના મિત્રો સાથે હોય ત્યારે તો નારી વિષે અભદ્ર શબ્દોના ઉચ્ચારણ કરતા હોય છે અને તેમને હવસની દૃષ્ટિએ જુએ છે. તે જોતા એવું નથી લાગતું કે લેખન અનુભવથી થાય છે. એવા લેખકો તો માત્ર દગાખોર હોય છે, પોતાના, સાહિત્યના, અને સમાજના. એવા લેખકો રાજનીતિમાં પારંગત નેતાઓથી વધારે કંઈ જ નથી. એવા લોકો સાહિત્ય તથા અન્ય સાહિત્યકારોની યાદીને જે પ્રમાણિક છે, તેને લાંછન લગાડે છે. જો કોઈ વ્યક્તિ અઢળક રૂપિયા અને આબરુનો માલિક હોય અને જો તે વ્યક્તિ એસ.સી. અથવા એસ.ટી.નું લેબલ સાથે લઇને ફરતા હોય તેમને શું કહી શકાય?. જે વ્યક્તિ ખરેખર પોતાને સમાજના કહેવાતા નિમ્ન વર્ગોમાંથી બહાર આવવા ઇચ્છતા હોય તેમને એ લેબલનો પણ ત્યાગ કરવો પડશે, ખાસ તો ત્યારે જયારે તેમને તે લેબલની જરૂર જ નથી. ઉચ્ચ વર્ગનો વ્યક્તિ આર્થિક રીતે પછાત હોય તો તેને દલિત વર્ગમાં સમાવેશ કરવામાં આવતો નથી. ખરેખર દલિત શબ્દ એ કોઈ જ્ઞાતિ માટે નથી પણ જેનું શોષણ થયું હોય તેવા વર્ગ માટે છે. તો અહી જ્ઞાતિ અને વર્ગનો ભેદ જુદો કરવામાં આવે છે એવું મને લાગે છે. કેમકે દલિત સાહિત્યમાં ઉચ્ચ વર્ગના આર્થિક રીતે પછાત વ્યક્તિની સંવેદનાને વાંચા મળી નથી. તો આ વિભાવના વ્યાપક અર્થમાં પ્રયોજાવી જોઈએ પરંતુ આપણે તેને એક જ્ઞાતિ(caste) પુરતી જ સીમિત કરી દીધી છે.

આપણને આઝાદ થયે ૬૭ વર્ષ થવા આવ્યા છે અને હવે ગ્લોબલાઇઝેશનના યુગમાં સમાજને બધા વર્ગોને સમજી લેવાની જરૂર છે કે વિશ્વ સાથે બરોબરી કરવા માટે આપણે સમાજના દરેક વ્યક્તિ પછી તે ગમે તે જ્ઞાતિ, રંગ, વર્ગનો હોય તેને સાથે લઇને ચાલવાની જરૂર છે. તેની જ સાથે જરૂર છે ઇતિહાસમાં થયેલી ઘટનાઓના લીધે મનમાં ભરાયેલા રોષને દુર કરી નાખવાની. કેમ કે એ નિશ્ચિત છે કે ઇતિહાસના ગળે ફાસો અપાઈ શકતો નથી.

## સંદર્ભ ગ્રંથો:

1. યશવંત વાઘેલા. "ગુજરાતી દલિત સાહિત્ય." સાહિત્યિક નિબંધમાળા, લેખનકૌશલ્ય અને કૃતિપરિચય માં,

મફત ઓઝા, રતિલાલ સાં નાયક અને પૂર્વી ઓઝા દ્વારા સંપાદિત, પૃ. નં. ૯૫-૧૧૫. અમદાવાદ: આદર્શ પ્રકાશન, ૨૦૦૭.

2. રાધા નાચીજ. "લેખક કા કમરા." નવભારત ટાઇમ્સ, મુંબઈ, ૨૧ જુલાઈ ૨૦૧૪: પૃ. નં. ૬.

3. ઓમપ્રકાશ વાલ્મીકિ. "દલિત કવિતા ઔર ડૉ. આંબેડકર વિચાર દર્શન." આલોચના, નં. ૫૧ (ઓક્ટોબર-ડીસેમ્બર ૨૦૧૩): ૧૨૦-૨૬.

*******************************************************************

ડો. પવન અગ્રવાલ
ડૉ એપીજે અબ્દુલ કલમ ગવર્નમેન્ટ કોલેજ
દાદરા અને નગર હવેલી-૩૯૬૨૩૦

Copyright © 2012- 2016 KCG. All Rights Reserved. | Powered By : Knowledge Consortium of Gujarat